આર.બી.આઈ/2006-07/328
ડીઓ ડીબીએસ એફઆરએમસી નં. બીસી 5/23.02.011/2006-07

18 એપ્રિલ, 2007

પ્રતિ,
ભારતમા આવેલ તમામ ખાનગી ક્ષેત્ર તથા વિદેશી બેન્કસ,

## *ખાનગી તથા વિદેશી બેંકો માટે પ્રોટેકટેડ ડિસ્કલેઝર સ્કિમ અમલી.*

ભારત સરકારે તા. 21 એપ્રિલ 2004 ના રીઝલ્યુશન હેઠળ મુખ્ય સર્તકતા અધિકારી સીવીસી) ને આ સ્કિમ હેઠળ લેખીત કે મૌખીક ફરીયાદ, (ભ્રષ્ટાચાર અથવા કાર્યાલય અને હોદ્દાના દુરૂપયોગ ને લગતી) કે જે કેન્દ્ર સરકારનાં કોઇપણ કર્માચારી અથવા તેના અંતર્ગત સ્થપાયેલ કંપની, નીગમ, સોસાયટી અને સ્થાનિક કાર્યાલય વિરુધ્ધ, લઇ શકશે તથા તે અંગે યોગ્ય પગલા સુચવશો.

2. ઉપરોકત રિઝોલ્યુશન કેન્દ્ર સરકાર તથા જાહેર ક્ષેત્રના સાહસો (જાહેર ક્ષેત્રની બેન્ક સહિત) તમામ માટે લાગુ છે. આ રિઝોલ્યુશન હેઠળ ખાનગી તથા વિદેશી બેંકોને આવરવામાં આવી ન હોવાથી આરબીઆઇએ આવી બેંકોને આમા આવરી લેવા માટેની યોજના અમલી કરી છે. આ માટેનો મુસદ્દો તૈયાર કરી તા. 25 જાન્યુઆરી 2006 ના રોજ આરબી ઇઇની વેબસાઇટ ઉપર સચુનો માટે મુકવામાં આવ્યો હતો. જાહેર જનતા તથા અન્ય લાગતા વળગતાઓના સુચનો મેળવ્યા બાદ આરબીઆઇ આ સ્કિમ તાત્કાલીક ધોરણે અમલી બનાવે છે. આ સ્કિને લગતી વધુ વિગતો આ સાથે બિડેલ છે. આબરતમાં આવેલ તમામ ખાનગી તથા વિદેશી બેંકોને ઉપરોકત અંગે યોગ્ય પગલા લેવા વિનંતી.

*આ પત્ર મળ્યાની યોગ્ય જાણ કરશો.*

*આપનો વિશ્વાસુ,*

*એસ. વી. રાધવન*
*(મુખ્ય મહા પ્રબંધક)*